# ૩૪

## પંચાંગ-પરિવર્તન

સમ્મેલનની સમાપ્તિ થઈ તો ખરી, પણ એ પછી પુનઃ પત્રિકાબાજી શરૂ થઈ ગઈ. સામો પક્ષ તો લખાણ અને પત્રિકાને જોરે જ ઝઝૂમતો હતો. એનું એ પ્રબળ પ્રચાર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માધ્યમ હતું. પણ, આ પક્ષમાં પણ અમુક તત્ત્વો એવાં હતાં, જેને આવી પત્રિકાબાજીમાં રસ હતો. આનાથી શ્રી વિજયનન્દનસૂરિજી નારાજ હતા. એક વાર તો એમણે એક પત્રમાં લખેલું પણ ખરું :

"ખરી રીતે સામા પક્ષની સામે ચેલેન્જ, ચર્ચા કે જવાબ, હાલ કાંઈ પણ કરવાની ઉતાવળ ન કરવી, મને વ્યાજબી લાગે છે. નિવેદન કે લખાણ સામાનાં થવા દેવાં. તેઓને એટલાથી સંતોષ માનવા દેવો. સામાનું લખાણ માત્ર વાંચી જવાબની ઉતાવળ કરવી ઠીક નથી લાગતી. લખાણની પાછળ સામાનું હૃદય કેટલું બેસી ગયું જણાય છે તેમ જ લખાણમાં કેટલી પૉલિસી છે, તે જ પહેલું બરાબર વિચારવું જોઈએ. જ્યાં સરળતાનો અંશ નથી, તેમ શાસનની સાચી ધગશ નથી, ત્યાં તેની સામે ચેલેન્જ કે ચર્ચાનો અર્થ શો ? પણ ઉતાવળિયા સ્વભાવનું ઔષધ શું ?"

પત્રિકા ને લખાણથી તેઓ કેટલા નારાજ હતા, તે આ પરથી પણ સમજાય છે.

પણ, થોડા જ સમયમાં સામા પક્ષના એક ખાસ વર્તુળે એકદમ નવો વળાંક લીધો. બાર પર્વતિથિ અંગેની નવી પ્રણાલિકા મૂકી દેવાની વાતો એ વર્તુળે શરૂ કરી. આનું પણ કારણ હતું : હજુ હમણાં જ સંમેલનનો બનાવ દાખલારૂપ બન્યો હતો. ને એ પછી થોડા જ સમયમાં સંવત્સરીનો પ્રશ્ન આવતો હતો. એ સંવત્સરીમાં સામો પક્ષ તપાગચ્છથી સાવ અલાયદો પડી જવાનો હતો. આ નવા પક્ષે માત્ર ૧૫ ટકા જેટલો જ વર્ગ હતો; જ્યારે જૂના પક્ષે ૮૫ ટકા જેટલો વર્ગ રહેતો હતો. આ સ્થિતિમાં જો સામો નવો પક્ષ જુદી સંવત્સરી કરે, તો સર્વત્ર સર્વ લોકોને થઈ જ જાય કે, 'આ લોકો જ સંઘની એકતામાં બાધક છે. અને આ લોકોના કારણે જ વિ. સં. ૨૦૧૪ના સંમેલન પહેલાં, સંમેલનમાં અને તે પછી પણ સંઘમાં ક્લેશ થયા કરે છે.' આમ ન થાય, એ હેતુથી એ વર્તુળે આવો વળાંક લેવાનું સાહસ કરેલું. પણ એ એને માટે દુસ્સાહસ ઠર્યું. સામા પક્ષનાં જ બળવાન પરિબળોએ એ વર્તુળને નવો વળાંક લેતાં અટકવાની ફરજ પાડી. આથી સામા પક્ષમાં તિથિપ્રશ્ને આન્તરિક ઘર્ષણ શરૂ થયું.

આ પછી આચાર્ય વિજયપ્રેમસૂરિજીએ એકતા માટે સંઘમાન્ય પંચાંગનું પરિવર્તન કરવાનો નવો વિચાર વહેતો મૂકયો.

એમના આ વિચારથી શ્રી વિજયનંદનસૂરિજીને વાકેફ કરવા માટે પં. શ્રી મફતલાલ ઝવેરચંદે એમને લખ્યું :

"બધા વમળો પૂરા થયા પછી આ એક નવી વાત છે અને તે આપના અભિપ્રાય ઉપર અવલંબે છે.

"પ્રેમસૂરિજી રામસૂરિજી બારપર્વી ન છોડે તો ઉપવાસ ઉપર ઊતરવા તૈયાર થયા છે, આનું પરિણામ એ આવવાનું કે બારપર્વી તે બધા છોડે અને આપણને બુધવાર માટે આગ્રહ થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પરંતુ આ વાતમાં મેં કહ્યું કે પ્રત્યક્ષ પંચાંગનો આશરો લો તો આ પંચાંગ જૈન સંઘ સદા માટે સ્વીકારે અને તે રીતે આ સાલ મંગળવારી સંવચ્છરી બધા કરે. આ માટે એમણે રામચંદ્રસૂરિજીને પૂછી જોયું પણ તે તેને નથી ગમ્યું.

"પરંતુ તે પોતે–પ્રેમસૂરિ–તે માટે તૈયાર થયા છે. તેમનું કહેવું એવું છે કે અમદાવાદના મુખ્ય મુખ્ય આચાર્યોને ડહેલે કે બીજે કસ્તૂરભાઈ 'ભેગા કરે અને કહે કે પ્રત્યક્ષ પંચાંગ સ્વીકારી મંગળવારી બધા કરો.' આપણે અને પ્રેમસૂરિએ તુર્ત કબૂલ કરવું, રામસૂરિજીને સમજાવવા પ્રયત્ન થાય. ન માને તો તેને દબાવવા પ્રેમસૂરિ ઉપવાસ ઉપર ઊતરે, અગર છેવટે તેને મૂકી દઈને પણ પ્રેમસૂરિ બધી રીતે આપણામાં બાર-પર્વી અને સંવચ્છરીમાં જોડાઈ જાય આ ગણત્રી છે.

"આ વાત પૂ. આ. ઉદયસૂરિજી મહારાજ, પૂ. ચંદ્રસાગરસૂરિ મહારાજ અને ડહેલાને પૂછી, પણ તે બધાનો નિર્ણય આપના ઉપર અવલંબે છે."

આ જ મતલબનો એક પત્ર શ્રી પુણ્યવિજયજીએ પણ શ્રી વિજયનંદનસૂરિજીને લખ્યો.

પં. મફતલાલ, શ્રી પુણ્યવિજયજી વગેરેના પત્રોના ઉત્તરમાં શ્રી વિજયનંદનસૂરિજીએ જણાવ્યું: "પ્રેમસૂરિજીની મંગળવારની આ નવી ભાંજગડમાં પડવાની અમારી સલાહ નથી. પહેલાં સિદ્ધિસૂરિજી, લબ્ધિસૂરિજી, પ્રેમસૂરિજી અને રામચંદ્રસૂરિજી–આ ચારેની બાર પર્વતિથિની પ્રણાલિકાને સ્વીકારવાની લેખિત કબૂલાત લેવી જોઈએ, પછી જ આવી કોઈ પણ ભાંજગડમાં ભાગ લેવો વ્યાજબી છે."

આ વાતના અનુસંધાનમાં એમણે સલોત ફૂલચંદ છગનલાલ પરના પોતાના પત્રમાં પણ લખ્યું કે "આપણે તો સામા પક્ષની પાસે મંગળવાર કરાવવાની પણ આશા કે ઇચ્છા રાખવાની જરૂર નથી. તેઓને તિથિ કે સંવચ્છરી જે રીતે કરવી હોય તે રીતે ભલે કરે, આપણને હવે શાંતિથી મંગળવારની સંવચ્છરી કરવા દે, એટલું જ બસ છે."

શ્રી વિજયનંદનસૂરિજીની અંગત માન્યતા આવી હતી: "આપણા પક્ષમાં તો સર્વસમ્મતિએ મંગળવારે સંવત્સરી કરવાની નક્કી જ છે. તો પછી સામા પક્ષ ખાતર પંચાગ પરિવર્તન કરવાની શી જરૂર છે? એમને ઉચિત લાગતું હોય તો એ લોકો ભલે મંગળવાર કરે. પણ એ લોકો મંગળવાર કરે, એ માટે આપણે જૈન સંઘના તમામ ગચ્છોને સર્વમાન્ય ચંડૂ પંચાંગનો ત્યાગ કરીને માત્ર તપાગચ્છમાં જ સ્વીકાર્ય બની શકે એવું નવું પંચાંગ માનવું, બિલકુલ ઉચિત નથી. હા, સામો પક્ષ બારપર્વીની નવી પ્રણાલિકા છોડવાનું જાહેર કરે તો કોઈ પણ બાબતનો વિચાર કરીએ. પણ તેવું તો છે નહિ. પછી શા માટે પંચાંગની બાબતમાં એમને ખાતર સર્વ ગચ્છોથી જુદા પડવું?"

પણ ભાવી જુદું જ હતું. સામા પક્ષની વારંવારની ઉદીરણાથી પ્રેરાયેલા મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા અમદાવાદના આગેવાન શ્રાવકોના સૂચનને માન આપીને શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ શ્રીસંઘ વતી આ પ્રશ્નની જવાબદારી લીધી. તેઓ બાર તિથિ અને સંવત્સરી, બંને પ્રશ્નનું એકીસાથે સમાધાન થાય એ હેતુથી દરેક આચાર્યોને મળ્યા, વિનંતિ કરી. પણ છેવટે બાર તિથિની વાત ભવિષ્ય ઉપર છોડીને સંવત્સરીની એકતા કરવાનો એમણે નિર્ણય કર્યો. એ માટે સંઘમાન્ય ચંડૂ પંચાંગના પરિવર્તનનો વિચાર બધા આચાર્યો પાસે મૂક્યો. સામા પક્ષને તો 'ભાવતું'તું ને વૈદે કહ્યાં' જેવું જ હતું! પણ આ પક્ષના આચાર્યોએ પણ 'શેઠે ઉપાડ્યું છે, અને સંઘની એકતા ખાતર થાય છે' એમ વિચારીને એ વિચારને સંમતિ આપી. સૂરિસમ્રાટના સમુદાય વતી શ્રી વિજયોદયસૂરિજી મહારાજ તથા શ્રી વિજયનંદનસૂરિજીએ પણ, પોતાની સચોટ માન્યતાનો આગ્રહ ન રાખતાં, સમ્મતિ આપી.

આ બાબતમાં સમ્મતિ મંગાવતો શેઠનો પત્ર આવ્યો, ત્યારે તેના જવાબમાં શ્રી વિજયનંદનસૂરિજીએ લખ્યું :

"શ્રી પર્યુષણા પર્વના પ્રશ્નનો પૂ. આચાર્ય મહારાજાઓ સાથે ચર્ચા કરી ઉકેલ લાવવાની અને સકલ શ્રીસંઘમાં એકસાથે પર્યુષણા પર્વની આરાધના કરાવવાની તમારી ઉત્તમ ભાવના જાણી ખૂબ જ અનુમોદના સાથે સંતોષ થયો છે. અને તે કાર્યની સફલતા માટે અમારા સહકાર અને આશીર્વચનની અપેક્ષા જણાવી, તો ત્યાં અમદાવાદ બિરાજતા પરમપૂજ્ય પરમોપકારી પૂજ્યપાદ અમારા ગુરુમહારાજશ્રીજી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબનો જે સહકાર અને તેઓશ્રીજીનું જે આશીર્વચન, તેમાં જ સંપૂર્ણ રીતે અમારો સમાવેશ આવી જાય છે. છતાં તમોએ તમારા પૂર્ણ વિવેકભર્યા વલણને અનુસરી અમારી ઉપર પણ પત્ર લખ્યો છે, તેના જવાબમાં :–

"જ્યારે ભારતના તમામ તપગચ્છ શ્રી ચતુર્વિધ સંઘનો આ સંવત્સરી મહાપર્વની આરાધનાનો પ્રશ્ન છે, અને આખાય તપાગચ્છીય શ્રીસંઘમાં એક જ દિવસે એક જ સરખી સંવચ્છરીની આરાધનાની વિચારણા કરાય છે, અને એ રીતે આખાય તપાગચ્છ શ્રીસંઘમાં એકતા અને શાંતિ સ્થાપવા તમો તથા અમદાવાદનો શ્રીસંઘ આ પ્રશ્ન હાથ ધરે છે, ત્યારે તે બાબતમાં અમદાવાદનો શ્રીસંઘ જે નિર્ણય જાહેર કરશે, તેમાં અમારો પૂરો સહકાર છે, અને અમારી સમ્મતિ છે."

આ પછી દ્વિતીય શ્રાવણ વદિ ૭ ને ગુરુવારે (તા. ૭–૮–૫૮) શ્રીસંઘ ભેગો કરીને શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો કે—

"શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘે અત્યાર સુધી પંચાંગ તરીકે ચંડાંશુ ચંડુ પંચાંગનો ઉપયોગ કર્યો છે. પણ આજથી એ પંચાંગની જગ્યાએ જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગનો ઉપયોગ કરવા આપણા શ્રી તપાગચ્છીય આચાર્ય મહારાજો આદિએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વસમ્મત નિર્ણય કર્યો છે. શ્રી રાજનગરનો જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘ આજથી તે પ્રમાણે વર્તવા જાહેર કરે છે."

આ ઠરાવ પછી તપાગચ્છ શ્રીસંઘમાં તાત્કાલિક શાન્તિ અને નિરાંતનું આનંદમય વાતાવરણ છવાયું. સમગ્ર સંઘમાં એક જ પર્યુષણા અને સંવત્સરી થઈ. આ બાબતનો આનંદ વ્યક્ત કરતાં શ્રી પુણ્યવિજયજી મહારાજ શ્રી વિજયનંદનસૂરિજીને લખે છે:

"ધર્મપસાયે આ વર્ષે આખા સંઘનાં પર્યુષણા એક થયાં એથી ઘણી જ શાંતિ રહી છે એમાં ફરક નથી."

શેઠ શ્રી કસ્તૂરભાઈએ પણ લખ્યું કે —

"આપ સૌ આચાર્ય મહારાજોની કૃપા અને ઉદારતાથી સમસ્ત જૈન સંઘે મહા-પર્યુષણા પર્વની આરાધના એકચિત્તે ખૂબ આનંદથી કરી અને તેથી જૈન સમાજમાં અનુપમ ખુશાલી વ્યાપી રહી છે."